ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૮ ટકા ● સાંજે ૧૬ ટકા

# સ્કૂલવાનનો દરવાજો અચાનક ખુલી જતા બાળક ગબડ્યુ

## નગરના છ-૬ સર્કલ પાસેનો બનાવ, બાળકને હાથે-પગે સામાન્ય ઈજા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના છ-૬ સર્કલ પાસે પસાર થઈ રહેલી એક પ્રિ-સ્કૂલની વાનનો દરવાજો અચાનક ખુલી જતા વાનમાં બેઠેલું એક પાંચ વર્ષિય બાળક ગબડી પડ્યું હતું. માર્ગ પર ગબડી પડતા બાળકને હાજર પોલીસ જવાનોએ તાત્કાલીક ઉંચકી લીધુ હતું. આ બનાવમાં બાળકને હાથે-પગે સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે પોલીસ જવાનોએ વાન ચાલકને ઠપકો આપી રવાના કર્યો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સ્થિત એક ખાનગી પ્રિ-સ્કુલની વાન શાળા છુટતા તેમાં નાના ભુલકાઓને બેસાડીને શાળાએથી નીકળીને ઘરે મુકવા જઈ રહ્યો હતો. તે દરમિયાન અચાનક વાન સેકટર-૩૦ થી છ-૬ સર્કલ થી ટર્ન લઈને સેકટર-૨૧ તરફ જઈ રહી હતી તે વખતે અચાનક વાનનો દરવાજો ખુલી જતા અંદર બેઠેલામાંથી એક બાળક રોડ પર ગબડી પડ્યું હતું. બાળક માર્ગ પર પડી જતા તેને હાથ-પગમાં સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે બાળકને આશાવર્કરોને પગલે ડ્યુટીમાં હાજર પોલીસ જવાનો એ ઉંચકીને બાજુમાં બેસાડ્યો હતો. જયારે મહિલા પોલીસે પણ બાળકને સાત્વના પાઠવી ઠંડુ પાણી તેમજ તેના પરિવારજનો આવે ત્યાં સુધી ફોસલાવીને બાળકને બેસાડ્યું હતું. આ પ્રસંગે હાજર અન્ય નાગરીકો પણ કહી રહ્યા હતા કે વાનમાંથી અન્ય એક બાળક પણ લબડી પડતા તેને અંદર બેઠેલા બીજા બાળકોએ પકડીને અંદર પરત ખેંચી લીધો હતો.બાળક નીચે પડતા વાનચાલકે તુરંત વાન સાઈડમાં લીધી હતી. વાન ચાલકને પોલીસે ઠપકો આપ્યો હતો. જયારે બાળકના વાલી ત્યાં સુધી વાનચાલક ઉભો રહ્યો હતો. જયારે બાળકના ઘરે ફોન કરતા તેના પિતા તેને લેવા માટે તાત્કાલીક પહોંચી ગયા હતા. ત્યારબાદ તેને સારવાર માટે લઈ ગયા હતા. બાળકના વાલીએ પોલીસનો આભાર માન્યો હતો. પરંતુ નાના બાળકને શાળાએ લઈ જતા મુકી જતા વાહનચાલકો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે.




ગુજરાત રાજય બોર્ડ-નિગમ/સરકારી સાહસોનું કર્મચારી મંડળ દ્વારા આજે ઉદ્યોગભવન ખાતે બપોરના સમયે ૭માં પગારપંચ મુદ્દે અધિકારી-કર્મચારીઓએ ભારે સુત્રોચ્ચાર કરી સરકાર સમક્ષ રોષ ઠાલવ્યો હતો. બોર્ડ નિગમના કર્મચારીઓની વાંરવાર રજુઆત છતાં કોઈ નિવેડો ના આવતા કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી ઓફિસની કામગીરી કરી રહ્યા છે. આગામી તા. ૩૦ માર્ચ સુધી હકારાત્મક અભિગમ સરકાર દ્વારા નહી દાખવવામાં આવે તો કર્મચારીઓ ઉગ્ર આંદોલન કરશે તેમ ગુ.રા. બોર્ડ-નિગમ સરકારી સાહસોના કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવીણભાઈ સુતરીયાએ જણાવ્યું હતું.

# સે-૭-એના બંધ મકાનમાંથી રૂપિયા ૪.૩૩ લાખની ચોરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૭-એના બંધ મકાનને તસ્કરોએ પોતાનું નિશાન બનાવ્યું હતું. ઘરમાં પાછળના ભાગે આવેલ રસોડાના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી તસ્કરોએ ઘરમાં રહેલ રોકડ રકમ તેમજ દાગીના મળીને કુલ રૂ.૪,૩૩,૨૫૦ના મુદામાલની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સે-૭ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેર ચોર ઈસમો માટે સોફટ ટાર્ગેટ બનતું જાય છે. તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. એક પછી એક ચોરીને અંજામ આપનાર ચોર ઈસમો પોલીક પકડથી દુર રહેવા પામ્યા છે. ત્યારે પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ એ ખાતે રહેતા હમીદભાઈ ઝવેરભાઈ ચાવડા પોતાના પરિવાર સાથે રહે છે અને તા. ૨૬ના રોજ સવારે ઘરેથી નીકળી ચોટીલા માતાજીના દર્શનાર્થે ગયા હતા. જયારે રાત્રીના દોઢ વાગે પરત ફર્યા હતા તે પહેલા ઘરમાં નિશાચરો તેઓના ઘરમાં ઘુસીને કળા કરી ગયા હતા. નિશાચરો સવારના ૮ થી રાત્રીના દોઢ વાગ્યાના પહેલા ગમે ત્યારે ઘરના વરંડામાંથી પાછળના ભાગે આવેલ રસોડાના દરવાજાનો નકુચો તેમજ ગ્રીલ તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં ઘુસીને તિજોરી સહિત કબાટો ફેંદીને નાંખીને ઘરમાં રહેલ રોકડા રૂ.૫ હજાર તેમજ સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ.૪,૩૩,૨૫૦ના મુદામાલની ચોરી થવા પામી છે. બનાવ અંગે હમીદભાઈ ઝવેરભાઈ ચાવડાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ પી.એસ.આઈ વી.એમ.દેસાઈ કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં વધતી જતી ઘરફોડ ચોરીઓના બનાવને પગલે રાજયનું પાટનગર જ સલામત રહ્યું નથી તેવું લાગી રહ્યું છે.

# સિવિલમાં ઉંદરોના ઉપદ્રવને ડામવા પાંજરા મુકાશે

## નવી બિલ્ડીંગના વોર્ડમાં ઉંદરના ત્રાસથી દર્દીઓ અને સ્ટાફ હેરાન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસપિટલમાં ઉંદરોનો ઉપદ્રવ અતિશય વધી જવા પામ્યો છે. જેને પગલે દર્દીઓ તેમજ કર્મચારીઓ રાત્રીના સમયે હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે તંત્ર આ ઉંદરો કોઈ કિંમતી સામાન કે રેકર્ડને નુકશાન ન પહોચાડે તે પહેલા પાંજરે પુરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં છેલ્લા ઘણા સમયથી ઉંદરોનો ત્રાસ અતિશય વધી જવા પામ્યો છે. ઉંદરો વોર્ડમાં વિવિધ સામાન તેમજ ચીજવસ્તુઓને નુકશાન પહોંચાડે છે. હોસ્પિટલના પીડીયાટ્રીક વોર્ડ, એનઆઈસીયું, સ્પેશીયલ રુમ, સહિત નવી ઈમારતમાં આવેલા વોર્ડમાં સાંજ ઢળતાં જ ઉંદરો આમથી તેમ દોડાદોડી કરતા નજરે પડે છે. વોર્ડના કર્મચારીઓએ સિવિલના સત્તાધિશોને ઉંદરોની હેરાનગતિ અંગે જાણ કરી હતી. જેને પગલે ઉંદરોના ઉપદ્રવને નાથવા તંત્ર દ્વારા કામગીરી આરંભાઈ છે. તેમજ ઉંદરોને પાંજરે પુરવા માટે નવા પાંજરા પણ ખરીદવામાં આવ્યા છે. ઉંદરોના ત્રાસથી દર્દીઓ તેમજ સ્નેહીજનોને રાત્રીના સમયે જાગતા રહેવું પડે છે. જયારે હોસ્પિટલમાં પણ કેટલાક કિંમતી રેકર્ડ હોય છે જેને નુકશાન પહોંચાડે તે પહેલા ઉંદરોને પાંજરે પુરવા કવાયત હાથ ધરવામાં આવી છે. જયારે હોસ્પિટલના વિવિધ વોર્ડમાં રહેલા ગાંદલા, ટેલીફોન વાયર, ઈલેકટ્રોનીક ચીજવસ્તુના વાયર કાપી નાંખતા નુકશાની વેઠવાનો વારો તંત્રને આવે છે. જેને પગલે તંત્ર દ્વારા અત્યારે હાલના સમયે ૧૫ જેટલા ઉંદરના પાંજરાની ખરીદી કરવામાં આવી છે અને ઉંદરના ઉપદ્રવને નાથવા માટે કર્મચારીઓ કમરકસી રહ્યા છે.

# સેકટર-૭-ડીમાં તસ્કરોનું શાસન

## મકાનમાલિકની હાજરીમાં તસ્કરોએ કળા અજમાવી ! : પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૭-ડી તસ્કરો માટે સ્વર્ગ સમાન છે. જેનો વધુ એક બનાવ બનેલ છે. જે પોલિસની સબ સલામતની બાંગ કુંભકર્ણની નિંદ્રામાં છે તે પુરવાર કરે છે.

સેકટર-૭-ડીમાં વસતા સીનીયર સીટીઝન અને નિવૃત્ત ઈજનેરશ્રી સુરેશભાઈ પંડયા તાજેતરમાં રાત્રે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ફિલ્મ સંગીત કાર્યક્રમ નિહાળવા ગયા હતા તે દરમિયાન એટલે કે રાત્રિના એક વાગ્યા પહેલા તેમના મકાનના બબ્બે તાળા તસ્કરોએ તોડેલ હતા.

ઘરમાં શ્રી સુરેશભાઈ પંડયાના પત્ની શ્રીમતી મીનાબેન પંડયા હાજર હોવ છતાં તસ્કરોએ બિન્દાસ રીતે બબ્બે તાળના નકુચા તોડી નાંખ્યા હતા.

પરંતુ સદનસીબે મકાનમાલિક પંડયા પોતના ઘરે આવ્યા ત્યારે તસ્કરો તેમની કળા અજમાવતા હતા તે જોઈને તસ્કરો ભાગી ગયા હતા જેથી ચોરીનો બનાવ બન્યો નથી. તે ખરેખર સેકટર-૭ના સિનીયર સિટીઝનો માટે ચિંતા તથા શિરદર્દ સમાન બનેલ છે.

પોલીસ સબ સલામત હોવાનું માની પીસીઆર વાનમાં ફરે છે પરંતુ ખરેખર ચોરો તો પોતાનું કામ આગળ ધપાવે છે. પરિણામે સેકટર-૭-ડીમાં તમામ વસાહતીઓને પોલિસ ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો છે. એક પણ ચોરી હજુ સુધી પકડી શકાઈ નથી.



નિફ્ટ ફેશન ડિઝાઈનીંગ ગાંધીનગરમાં વિદ્યાર્થીઓને એક નવો અનુભવ શીખવા મળ્યો. પુરાતન સંસ્કૃતિની 'ખાટ વર્ક' વિશે માહિતી પ્રાપ્ત થઈ જેમાં આરી વર્ક, જરદોશી વર્ક, ટિક્કી વર્ક, પીતા વર્ક, મરોડી વર્ગ, ફ્રેન્ચ નોટ, બુલીયન નોટ જેવી અલગ અલગ હસ્તકલાની બનાવટ વિશેની અને તેમાં વપરાતાં મટીરીયલ્સ વિશે માહિતી મેળવી હતી.




ગાંધીનગરની જેસીઆઈ સંસ્થા દ્વારા પરીક્ષાર્થી બાળકોના મનમાંથી 'પરીક્ષાનો હાઉ' દૂર કરવા 'ફાઈટ ધ ફાઈટ' તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઝોન ટ્રેનર ગૌરવ જોષીએ બાળકોને તાલીમ આપી હતી. કાર્યક્રમમાં જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખ ડૉ. પરાગી ગાંધી તથા પ્રોજેકટ ચેરમેન ડૉ. સોનાલી જોગી ઉપરાંત ૫૦થી વધુ બાળકો તેમની માતાઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# આજે પી.કે. ચૌધરી મહિલા કોલેજ ખાતે રાષ્ટ્રીય સેમિનાર

ગાંધીનગર, તા.૨૭

ગાંધીગરના સે-૭ની પી.કે. મહિલા આર્ટસ કોલેજ ખાતે સંસ્થાના ઈન્ટર્નલ કવોલીટી એશ્યુરન્સ સેલ દ્વારા એનએએસીના સહકારથી તા. ૨૮મી માર્ચે એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર 'ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા વર્ધન માટે ભાગીદારી' વિષયે સવારે ૯.૩૦ કલાકથી યોજાશે.

સેમિનારમાં જબલપુરની માતા ગુજરી મહિલા મહાવિદ્યાયના પ્રાધ્યાપક ડૉ. કિર્તી ડિક્ષી તથા અમદાવાદની એચ.કે. આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ સુભાષ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહી તેમનું વકતવ્ય આપશે. સેમિનારમાં બપોર પછીના સેશનમાં વિવિધ પેપર પ્રેઝન્ટેશન યોજાશે.

# ઠાકોર સમાજ ડભોડા (તારંગા)નો ૧૭મો સમુહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૨૭

ડભોડા (તારંગા)ના ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ મંચ દ્વારા તા. ૧૮મી મેના રોજ ૧૭મા સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમુહ લગ્નોત્સવ શાહપુર કંપા (તારંગા)ના સંજય ગાંધી વિદ્યાલય ખાતે યોજાશે. જેમાં અમદાવાદ-બોપલ-આંબલીના ઠાકોર સમાજ કેળવણી ટ્રસ્ટના પ્રમુખ રોહિતજી ચંદુજી ઠાકોર અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. સમુહ લગ્નોત્સવના આયોજિક ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ મંચના પ્રમુખ અજમલજી ઠાકોરના જણાવ્યા મુજબ આર્થિક રીતે પછાત એવા ઠાકોર સમાજ માટે સમુહલગ્નોત્સવ અનિવાર્ય છે. આ સમુહ લગ્નોત્સવમાં દાતાઓ દ્વારા પ્રભુતામાં પગલા પાડનાર દંપતિઓને માતબર ભેટ સોગાદો અર્પણ કરાશે. આ સાથે જળસંપત્તિ તથા ગ્રામ વિકાસના સંસદીય સચિવ ભરતસિંહજી ડાભીનું સમાજમાં શિક્ષણ ક્ષેત્રે મોટું યોગદાન હોવાનું જણાવ્યું છે.

# સે-૬ પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગરના સેકટર-૬ ખાતેની સરકારી પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ તા. ૨૫મી માર્ચ રવિવારે યોજાયો હતો. આ વાર્ષિકોત્સવમાં સ્થાનિક કોર્પોરેટર્સ રાકેશભાઈ પટેલ તથા હિરલબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી.

આ વાર્ષિકોત્સવમાં શાળાના ધો-૧ થી ૫ના બાળકોએ વિવિધ પ્રકારના બાળગીત, ધો-૬ થી ૮ની બાળાઓએ યોગ-પિરામિડ તથા ગરબો, બાળકોએ દેશ ભકિત ગીત તથા મન નાટક 'સાઈડ ઈફેકટ ઓફ મોબાઈલ' રજુ કર્યા હતા. આ ઉપરાંત બાળકોએ કાર્યક્રમમાં રબારી લોકગીત, ચારણકન્યા લોકગીત, 'બેટી બચાવો, બેટી પઢાવો' અને 'દિકરીનું અજવાળું' નાટકો, કવ્વાલી વગેરે કૃતિઓ રજૂ કરી હતી. આ સાથે શાળા સંચાલન કમિટિ સંવાદ યોજાયો હતો. આ પ્રસંગે આઈઆઈટીના તાલીમાર્થીઓ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યુંહતું. તમામ કૃતિઓ નિહાળી પ્રેક્ષકો તથા મહાનુભાવો મંત્રમુગ્ધ થયા હતા. કાર્યક્રમના અંતમાં આચાર્ય ઈશ્વરભાઈએ સરકારી શાળાના ફાયદા સમજાવ્યા હતા.





## આઈ લવ માય ગાંધીનગર



**નૈતિક એચ. ભટ્ટ**

**ગાંધીનગર ગમે**
ચોખ્ખું અને સ્વચ્છ છે વળી શાંતિપૂર્ણ વાતાવરણ સાથે સલામતી પણ સારી છે. યુરોપ કરતાં પણ ચોખ્ખું અને સુંદર છે.

**નગરજનો**
આવકની મર્યાદામાં જીવનારી પ્રજા છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંસ્થા ઘણી સારી પ્રવૃત્તિઓ કરે છે તેમાં પણ ગ્રીષ્મોત્સવ ઉનાળામાં ગરમાળાની શીતળતા જેવો લાગે છે. જેમાં કલાકારોની વિવિધતા ખૂબ જ સરસ હોય છે.

**નગરને બહેતર બનાવવા**
ધંધાકીય માળખા માટે વધારે ઉદાર અને વિકાસશીલ માનસ ધરાવવાની જરૂર છે તથા નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

**નગર માટે હું કરી શકું**
ગાંધીનગરની હરિયાળી પરત લાવવા હું હરહંમેશ મદદ કરીશ તથા મારા મકાનના બાંધકામની બાંધણી એવી રાખીશ જેથી ઉર્ચાની બચત થાય.

## ડૉ. આંબેડકર જન્મજયંતિ મહોત્સવના આયોજન અંગે મિટીંગ

ગાંધીનગર, તા.૨૭

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા ડૉ.આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિની પ્રતિમા સંકુલ ખાતે શાનદાર ઉજવણીનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉજવણીના આયોજન અંગે ગાંધીનગરની તમામ સામાજિક સંસ્થાઓ તથા જુદી જુદી સમિતિઓના હોદ્દેદારોની એક મિટીંગનું આયોજન તા.૩૧મી માર્ચ શુક્રવારે સાંજે ૬.૩૦ કલાકે સે-૧૨ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું છે. આ અંગે જન્મજયંતિ મહોત્સવ સમિતિના પ્રમુખ હરગોવિંદભાઈ રાઠોડ, એ.ટી. શેઠ, મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમાર, ઉપપ્રમુખ ભરતસિંઘ ચૌધરી, ચિમનભાઈ રાઠોડ તથા ડી.એમ. પરમાર દ્વારા સંયુકત અખબારી યાદીમાં જણાવ્યું છે.

## શ્રી ઝુલેલાલ મંદિર ખાતે ચેટી-ચાંદ સિંધી દિવસની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૩૦, શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે તા. ૨૯-૩-૨૦૧૭ બુધવારના રોજ 'ચેટી-ચાંદ' સિંધી દિવસની ધામધૂમ અને ભકિતભાવથી ઉજવણી કરવામાં આવશે. સવારે ૧૧ કલાકે શ્રી ઝુલેલાલ (લાલ-સાંઈ-વરૂણ દેવ)ના પૂજ બહેરાણા સાહેબની જયોત પ્રગટાવવામાં આવશે ત્યારબાદ લાલસાંઈના ગીત, પંજડા અને ભજનોથી ધર્મ પ્રેમીઓને નિહાલ કરવામાં આવશે. બપોરના ૧ કલાકે ભગવાન શ્રી ઝુલેલાલની ૧૦૮ દીવડાઓની મહાઆરતી કરવામાં આવશે. તો શહેરના સર્વે ધર્મ પ્રેમીઓને ઝુલેલાલ મંદિરે ઉજવણી પ્રસંગે હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

## @ગાંધીનગર

● પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે સવારે ૯.૩૦ કલાકે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા વિષયક ભાગીદારી અંગે રાષ્ટ્રીય કક્ષાએ સેમિનાર યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો ઉષાબેન ત્રિવેદી સે-૧-સી, પ્લોટ નં. ૨૯૨/૨, ગાયત્રી મંદિર પાસે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● શિવ શકિત મંદિર, સે-૨૩ ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● રાયસણ મુકામે લાભ-શુભ આવાસ ખાતે પ્લોટ નં. ૩૫૧માં બહુચર માતાજીનો આનંદનો ગરબો શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના સુમધુર અવાજે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા સંગઠનને સુગઠિત કરવાના હેતુથી વિજયનગરની પોળોના જંગલ ખાતે એક દિવસીય 'પ્રેરણા પ્રવાસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેરણા પ્રવાસમાં શહેરના ૫૦થી વધુ કોંગ્રેસી અગ્રણીઓ-કાર્યકરો જોડાયા હતા.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ફરી એકવાર એકસ રે મશીન ખોટકાયું હતું. સિવિલ હોસ્પિટલમાં આમ પણ એકસ રે કઢાવવા દર્દીઓની લાંબી લચ્ચક લાઈનો હોય છે તેમાં મશીન ખોટકાતા દર્દીઓને પારાવાર હાલાકી ભોગવવી પડી હતી.

● ગાંધીનગરના મહિલા પ્રજ્ઞાબેન ગજ્જર એક ખાનગી ચેનલના રસોઈના કાર્યક્રમમાં ઝળકયા હતા. આ કાર્યક્રમમાં તેમણે સુપ અને સલાડની વાનગી બનાવવાની રીતનું નિદર્શન કર્યું હતું.

● શહેરના સર્કલો અને મુખ્ય માર્ગો પર હજુ પણ ભાજપના ઝંડા ફરકતા જોવા મળે છે. કદાચ વિજયોત્સવના ભાગરૂપે કાર્યક્રમનું આયોજન કરાઈ રહ્યું હોય એમ લોકમુખે ચર્ચાય છે.

## ગુરુવારે સમસ્ત રાજસ્થાન સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા રાજસ્થાન દિવસ નિમિત્તે સેકટર-૧૬માં ઘ-૫ સર્કલ નજીકના ઓપનએર થિએટર ખાતે તા. ૩૦મી માર્ચ ગુરુવારે સાંજે ૬ કલાકે સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન સમારંભમાં સંગીત તથા ભજન સંધ્યા કાર્યક્રમ પણ યોજાશે. દર વર્ષની જેમ સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા આ વર્ષે પણ જન્મભૂમિને ઉદ્દેશની આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ઉપસ્થિત રહેવા શહેરમાં વસતા તમામ રાજસ્થાની પરિવારોને સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. હરગોવિંદભાઈ અમરાભાઈ રાણા, ઉ.વ. ૭૬
- સ્વ. કચરાભાઈ શિવાભાઈ પટેલ, ઉ.વ. ૯૨